# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-08-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સીએમ ફેલોશીપમાં મળેલા જ્ઞાનનો લોક કલ્યાણ માટે ઉપયોગ કરવા યુવાન ફેલોને મુખ્યમંત્રીની અપીલ..
- કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે સુરતના ગોડાદરા ખાતે અંદાજિત ૨૩૦ કરોડ ૫૦ લાખના ખર્ચે વિવિધ પ્રકલ્પોનું ખાતમૂહુર્ત કર્યું..
- ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની સંભાવનાને કારણે હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કર્યું..
- વલસાડ, નવસારી અને તાપીમાં બારેમેઘ ખાંગા થતાં અંબિકા, ઓરંગા નદીમાં ધોડાપૂરની સ્થિતિ..
- દમણમાં એક ગૌશાળામાં ખોરાકી ઝેરની અસરને કારણે 52 ગાયોના મોત..
- આજે ભક્તોએ દિવાસો પર્વની વિશેષ ઉજવણી કરી- આવતીકાલથી પવિત્ર શ્રાવણ માસનો આરંભ..બમ બમ ભોલેના નાદ સાથે શિવાલયો ગૂંજી ઉઠશે.

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM- FELLOWSHIP PROGRAMME

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સીએમ ફેલોશીપ કાર્યક્રમ અંતર્ગત યુવાનો સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આ તક વિદ્યાર્થીઓ માટે તો લાભદાયી થશે જ સાથોસાથ સરકારને ભાવિ નીતિ-ઘડતર અને કાર્યક્રમ અમલીકરણ માટે તથા સમાજ જીવનમાં કરોડો લોકોને પણ ઉપયોગી નીવડશે.

આ પસંદ થયેલા યુવાનો સ્પીપામાં પ્રારંભિક તાલીમ પૂરી કરીને હવે રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં જનહિતકારી પ્રોજેક્ટ્સના અમલીકરણ, અભ્યાસ, ડેટા એનાલિસિસ અને ઈનોવેશન માટે કાર્યરત થયા છે.

રાજ્ય સરકારે આ કાર્યક્રમમાં મેનેજેન્ટ સંસ્થા આઈ.આઈ.એમ. અમદાવાદને શૈક્ષણિક ભાગીદાર તરીકે જોડી છે અને આઈ.આઈ.એમ. આ યુવાઓને તાલીમ માટે મેન્ટર તરીકે સેવાઓ આપે છે.

# CM- COMPNAY SEC

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં ધ ઇન્સ્ટિટયૂટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઇન્ડિયાના ૫૧મા સ્થાપના દિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, ગ્લોબલ કોમ્પિટિશન માટે 'મેક ઇન ઇન્ડિયા'ને હવે 'મેડ ઇન ઇન્ડિયા' બનાવવાનું છે.. દેશનું અર્થતંત્ર ત્રીજા સ્થાને લઈ જવામાં કંપની સેક્રેટરી પણ સૌથી મોટો ફાળો આપી શકે છે.. દેશનું અર્થતંત્ર પાંચમા સ્થાને આવ્યા બાદ દેશના નાનામાં નાના માણસની પ્રગતિ થઈ છે અને વાઇબ્રન્ટ ગુજરાત

સમિટના કારણે આજે દેશની ૫૦૦ મોટી કંપનીઓમાંથી ૧૦૦ જેટલી કંપનીઓ ગુજરાતમાં છે તેમ તેમણે જણાવ્યું હતું..

## CM- A'VAD KHETI BANK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદની ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ ખેતી અને ગ્રામીણ વિકાસ બેન્ક- ખેતી બેંકની મુલાકાત લીધી.. આ પ્રસંગે મુખ્યમંત્રીએ ખેતી બેંકની મુખ્ય ઓફિસ ખાતે અધ્યતન ડીઝીટલ બોર્ડ રુમને ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે ખેતી બેંકના ચેરમેન ડોલરભાઇ કોટેચા, વાઇસ ચેરમેન જીવણભાઇ આહિર સહિત અનેક મહાનુભાવો અને સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

ખેતીબેંકના સભાસદોએ સેટલમેન્ટ યોજના હેઠળ ખેડુતોનાં 85 કરોડ 91 લાખનાં ચક્રવૃધ્ધિ વ્યાજ માફી માટે ઋણ સ્વીકાર પણ કર્યો હતો.

## SURAT- C.R. PATIL

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે સુરતના ગોડાદરા ખાતે અંદાજિત ૨૩૦ કરોડ ૫૦ લાખના ખર્ચે વિવિધ પ્રકલ્પોનું ખાતમૂહુર્ત કર્યું.. સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં બ્રિજ અને હાઇડ્રોલિક વિભાગ તેમજ રેલવે ઓવરબ્રિજ, ફ્લાય ઓવરબ્રિજને જોડતો રેમ્પ, ફ્લાય ઓવરબ્રિજ મળીને ૧૭૧ કરોડ ૯૧ લાખના વિકાસ કાર્યો તેમજ અન્ય કામો સહિત ૨૩૦ કરોડથી વધુ વિકાસ કાર્યોનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલે કહ્યું કે, સુરત શહેરનો વિકાસ દેશના અન્ય શહેરો માટે પ્રેરણારૂપ છે. સુરત શહેર આજે સ્વચ્છતામાં દેશમાં પ્રથમ ક્રમે ઉભર્યું છે. તેમણે 'કેચ ધ રેઇન' અભિયાન

હેઠળ પાણીના સંગ્રહ માટે વરસાદી પાણીને ભૂગર્ભમાં ઉતારવા સૌને જણાવ્યું હતું.

# IMD- RAIN

રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો છે. ત્યારે હવામાન વિભાગે આવતીકાલ માટે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને દક્ષિણ ગુજરાતમાં વલસાડ, નવસારી અને દમણ, દાદરાનગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે અને રેડ એલર્ટ જાહેર કરાયું છે.

આ ઉપરાંત પાટણ, મહેસાણા, સુરત, તાપી અને ડાંગ જીલ્લામાં અતિભારે વરસાદની આગાહી કરાતા હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.. જ્યારે અમદાવાદ, ગાંધીનગર, ખેડા, અરવલ્લી, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહિસાગરમાં ભારે વરસાદ માટે યલો એલર્ટ આપ્યું છે. જ્યારે અન્ય સ્થળોએ **30**થી **40** કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાવાની અને મધ્યમથી હળવા વરસાદની શક્યતા હવામાન વિભાગે દર્શાવી છે.

# RAIN EFFECT

રાજ્યમાં ચોમાસા દરમિયાન અનેક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ વરસ્યો છે ત્યારે કેટલીક જગ્યાએ નુકસાનની ઘટના પણ બની છે. ભરૂચના લાલુભાઈ ચકલા વિસ્તારના મુખ્ય માર્ગ પર એક જર્જરીત મકાન ધરાશાયી થયું હતું. તો **100** થી વધુ વર્ષ જૂના મકાનો પાસે દસ દિવસ પહેલા એક ફળિયામાં મકાનની દિવાલ ધરાશાયી થઈ હતી. આ દુર્ઘટનાના પગલે નગરપાલિકા દ્વારા જુના ભરૂચનો મુખ્ય માર્ગ બંધ કરાયો હતો.. જો કે, મકાન પડવાની ઘટનામાં કોઇ જાનહાની થઇ ન હતી.

જામનગરના સાધના કોલોની વિસ્તારમાં એક જર્જરિત બિલ્ડીંગ ધરાશાયી થઇ હતી. વહીવટીતંત્ર દ્વારા રેસ્ક્યુ કામગીરી શરૂ કરાઇ હતી. જે અંતર્ગત એક વ્યક્તિનું મલબામાં દબાઇ જવાથી મોત થયું છે.

નવસારી જિલ્લામાં અવિરત વરસાદને કારણે જળ બંબાકારની સ્થિતિ સર્જાઈ છે. બીલીમોરા નજીક માછીમારી કરવા ગયેલો એક યુવાન તણાઇ જતાં લાપત્તા થયો છે. જ્યારે જૂજ અને કેલીયા ડેમ છલકાયા છે.

ઉપરવાસમાં ભારે વરસાદને લઇ વલસાડની તમામ નદીઓ બે કાંઠે વહી રહી છે..વલસાડની ઓરંગા નદી એ પોતાની ભયજનક સપાટી વટાવતા ઓરંગા નદીમાં ઘોડાપૂર આવ્યું છે. જેના લીધે કાશ્મીરનગરમાં દોઢસોથી વધુ લોકોનું સ્થળાંતર કરાયું છે. જ્યારે જિલ્લાના વલસાડ વાપી, પારડી, ઉંમરગામ, કપરાડા, ધરમપુર તાલુકાના 67 જેટલાં રસ્તાઓ બંધ કરાયા છે.

વલસાડના પારડી તાલુકાના નાનાવાછીપા ગામે 100 વર્ષ જૂનું વડનું ઝાડ પડી જતા રસ્તો બંધ થઇ ગયો હતો. વાહનચાલકોને આવવા જવામાં અગવડતા ઉભી થતાં વનવિભાગે જાણ કરાતા જીઈબીની ટીમ ઘટનાસ્થળે આવી પહોંચી હતી અને ટ્રાફીક કંટ્રોલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

તાપી જિલ્લામાં છેલ્લા 24 કલાકમાં સાર્વત્રિક મેઘ મહેરને કારણે તમામ નદીઓ બે કાંઠે વહી રહી છે..પૂર્ણા,અંબિકા, ઝાખરી,મીંઢોળા,વાલ્મિકી નદીઓ બે કાંઠે વહી રહી છે..ગ્રામ્ય વિસ્તારના લો લેવલ પુલ પરથી પાણી ફરી વળતાં વાહન વ્યવહાર બંધ થઇ ગયો છે.. વરસાદના કારણે કુલ 42 રસ્તા તંત્ર દ્વારા બંધ કરવામાં આવ્યા, જેમાં વ્યારા તાલુકાના 12, ડોલવણના 20, વાલોડના 6 અને સોનગઢના 4 રસ્તા બંધ કરાયા છે.. હાલ ઉકાઈ ડેમની જળસપાટી 331.89 ફૂટ પર પહોંચી છે. હાલ મહારાષ્ટ્રના પ્રકાશા ડેમમાંથી 5 ગેટ ખોલી 61,860 ક્યુસેક પાણી છોડાઈ રહ્યુ છે.

અરવલ્લીના મોડાસા શહેરમાં આજે બપોર બાદ પડેલા ધોધમાર વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાતા શહેરના માર્ગો ઉપર પાણી

ભરાઇ જતાં વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.. નીચાણવાળા વિસ્તારના ઘરોમાં પણ પાણી ઘૂસ્યા હતાં..

ડાંગ જિલ્લામાં આજે સવારથી અવિરત વરસાદ ચાલુ છે ત્યારે સાપુતારાની અંબિકા નદીમાં ઘોડાપુર આવતા ત્યાંના કોઝ-વે ઉપર પાણી ફરી વળ્યાં હતા. જેથી 19 જેટલા ગામ્ય માર્ગો બંધ થતાં સંપર્ક વિહોણા બન્યા છે.

નર્મદા જિલ્લામાં આવેલ અન્ય એક નાના કરજણ ડેમની જળ સપાટીમાં વધારો થતાં કરજણ ડેમના ત્રણ દરવાજા ખોલવામાં આવ્યા હાલ ડેમના 3 ગેટ 1.6 મીટર ખોલી કરજણ નદીમાં 19035 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

# DAMAN- COW DEATH

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ખોરાકી ઝેરની અસર થવાથી 52 ગાયોના મરણ થયા છે. નાની દમણ દલવાડા ગામ ખાતે આવેલ જય જલારામ ગૌશાળામાં શનિવારે ગાયોના મોત થયા હતા.. અત્યાર સુધીમાં 52 ગાયોના મોત થયા છે..

એક કંપની દ્વારા અપાયેલી સમોસાની પટ્ટી વધારે ખાતા આ ગાયોને ખોરાકી ઝેરની અસર થઇ હતી..પશુ સારવાર વિભાગના કર્મચારીઓ ઘટના સ્થળે આવીને ગાયોની સારવાર શરૂ કરી છે..12 થી વધારે ગાયોની સારવાર ચાલી રહી છે. પોલીસ વિભાગ દ્વારા સમોસા પટ્ટીના સેમ્પલ લેવામાં આવ્યા છે અને ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે. પશુ સારવાર વિભાગના ડો. વિક્રમ પરમારે જણાવ્યું કે,

**(બાઈટ: ડો. વિક્રમ પરમાર,વેટનરી અધિકારી)**

# BHARUCH FOOTBALL PLAYER

ભરૂચ જીલ્લાના હાંસોટ તાલુકાના ઇલાવ ગામના આરવ પટેલની ગુજરાત રાજ્ય ફૂટબોલ સબ જુનિયર ટીમમાં પસંદગી થઈ છે.. ગુજરાત રાજ્ય ફૂટબોલ એસોશીએશન દ્વારા અમદાવાદ ખાતે કેમ્પ યોજાશે, જેમાં પસંદગી પામનાર ખેલાડીઓને પ્રી- રાષ્ટ્રીય લેવલના કેમ્પમાં સ્થાન આપવામાં આવશે.. આરવને ભારતીય ટીમ માટે રમવાની પણ ઇચ્છા છે.

**(બાઇટ- આરવ પટેલ)**

# DIVASO

આજે અષાઢ મહિનાનો છેલ્લો દિવસ અમાસ છે, જેને દિવાસો કહેવાય છે. આજના દિવસે ભગવાન શંકરની આરાધના સાથે પિતૃતર્પણનું પણ ખૂબ મહત્વ છે. આજે રાજ્ય સહિત દેશભરમાં ઘણા લોકો હરિયાળી અમાસના દિવસે વૃક્ષારોપણ પણ કરે છે.

સુરેન્દ્રનગરના લખતર તાલુકાના તલસાણા ગામે સ્વયંભુ તલસાણીયા મહાદેવ મંદિર ખાતે અષાઢ વદ અમાસના દિવસે છેલ્લા ૧૦૦ વર્ષથી પરંપરાગત લોકમેળાનું આયોજન કરવામાં આવે છે. આજે યોજાયેલ લોકમેળા દરમ્યાન મંદિરના શિખર ઉપર ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું આ મેળામાં મોટી સંખ્યામાં મહારાષ્ટ્રમાંથી માલધારીઓ આવે છે અને દર્શન કરી પોતાની માનતાઓ પૂર્ણ કરી ધન્યતા અનુભવે છે. દર અમાસના દિવસ મંદિરમાં ભંડારાનું પણ આયોજન કરવામાં આવે છે.

વલસાડ જિલ્લાના ધરમુપર તાલુકાના વિવિધ ગામડાઓમાંથી દિવાસા પર્વ નિમિત્તે શહેરમાં આવતા ખેડૂતો, આદિવાસીઓ અને નગરજનોએ દિવાસાના તહેવારને નાળિયેરની ટપ્પા રમતથી ઉજવ્યો

હતો. આ દિવાસાના તહેવારમાં નારિયેળની ટપ્પા રમતમાં મુસ્લિમ યુવાનોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# SHARVAN MAS

આવતીકાલથી પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઇ રહી છે. ભગવાન શિવની આરાધના માટે આ મહિનો ઉત્તમ ગણાય છે.. ત્યારે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં શ્રાવણ માસ દરમિયાન ભક્તોને હવે 25 રૂપિયામાં ઘરે બેઠા રૂદ્રાક્ષ, નમન અને ભસ્મ મળી રહેશે. શ્રી સોમનાથ ટ્રસ્ટે ફરી ભક્તો માટે માત્ર 25 રૂપિયામાં બિલ્વપૂજા સેવા શરૂ કરી છે.

આ સેવા અંતર્ગત સોમનાથ જ્યોતિર્લિંગ પર અર્પણ થયેલા બિલ્વપત્ર ભક્તોને ટપાલ મારફતે મોકલવામાં આવશે. ભક્તો ક્યૂઆર કોડ તથા ટ્રસ્ટની વેબસાઈટ પર જઈને બિલ્વપૂજાની નોંધણી ઘરે બેઠા કરાવી શકશે. ગત શ્રાવણ માસમાં દેશભરમાંથી અઢી લાખથી વધુ ભક્તોએ બિલ્વપૂજા માટે નોંધણી કરાવી હતી.

ગીરસોમનાથ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ શ્રાવણ માસ દરમિયાન “નો પાર્કિંગ ઝોન” અને “વન-વે” માર્ગ અંગે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. આ જાહેરનામા અનુસાર, ગુડલક સર્કલથી હમીરજી સર્કલ સુધી અને ત્યાંથી ત્રિવેણી રોડને "નો-પાર્કિંગ ઝોન" જાહેર કર્યો છે. આ જાહેરનામું આવતીકાલથી 3 સપ્ટેમ્બર સુધી અમલમાં રહેશે.

ભાવનગર શહેર અને જિલ્લાના તમામ પ્રાચીન અને અર્વાચીન શિવાલયોમાં શ્રાવણ માસની ઉજવણી સંદર્ભે તડામાર તૈયારીઓ શરૂ થઇ છે.. ભાવનગરના તખ્તેશ્વર  મંદિર ઉપરાંત શહેરના નાના- મોટા અનેક શિવાલયોમાં આખા શ્રાવણ માસ દરમિયાન દરરોજ ચારેય પ્રહરની

મહાઆરતી, પૂજન-અર્ચન, જળાભિષેક, દુગ્ધાભિષેક, લઘુરૂદ્ર, શિવજીની આરાધના તથા ભજન, કિર્તન, સત્સંગ, સંતવાણી અને લોકડાયરાઓ જેવા અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.